મહાન આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ*

જન્મસ્થનાદિ

'વિશ્વની મહાવિભૂતિઓના જીવનની કિંમત તેમના જન્મસ્થાન, જાતિ, માતા-પિતા આદિ ઉપરથી આંકવામાં નથી આવતી' એ વાત સંપૂર્ણ રીતે સત્ય હોવા છતાં સામાન્ય પ્રજા તેમના વિષેની આ જિજ્ઞાસાને રોકી શકતી નથી એટલે સૌપહેલાં અહીં ભગવાન શ્રી હેમચંદ્રના જન્મસ્થાન આદિનો પરિચય આપવામાં આવે છે.

ભગવાન શ્રી હેમચંદ્રનો જન્મ વિક્રમ સંવત ૧૧૪૫ની કાર્તિકી પૂનમને દિવસે ધંધૂકામાં થયો હતો. તેમના પિતાશ્રીનું નામ ચાચિગ હતું, માતાનું નામ પાહિણી હતું અને તેમનું પોતાનું નામ ચાંગદેવ રાખવામાં આવ્યું હતું. તેમની જ્ઞાતિ મોઢ હતી.

ભવિષ્યવાણી

શ્રી હેમચંદ્રના જન્મ પહેલાં તેમના ગુરુ ભગવાન શ્રી દેવચંદ્રસૂરિ, જેઓ ચંદ્રગચ્છમુકુટમણિ અને પૂર્ણતલગચ્છના પ્રાણ સમા હતા, તેમનાં દર્શન તેમના માતા-પિતાને થયાં હતાં. તે વખતે તેમણે ચાચિગ અને પાહિણીને જણાવ્યું હતું કે **તમારો પુત્ર જૈનશાસનનો ઉદ્ધારક મહાપ્રભાવક પુરુષ થશે.**

બાલ્યકાળ અને ગૃહસ્થજીવન

આચાર્ય હેમચંદ્રના બાલ્યકાળ અને ગૃહસ્થજીવન વિષે આપણે ફક્ત એટલું જ જાણી શકીએ કે ચાંગદેવ બાળક (ભાવી હેમચંદ્રાચાર્ય) પાંચ વર્ષનો થયો ત્યારે એક વખત તે તેની માતા સાથે દેવમંદિરમાં દર્શન કરી ગુરુવંદન માટે ઉપાશ્રયે ગયો. આ પ્રસંગે ચંચળ સ્વભાવનો બાળક ચંગદેવ, વિહાર કરતાં કરતાં ત્યાં (ધંધૂકામાં) આવીને રહેલા શ્રી દેવચંદ્રસૂરિના આસન ઉપર બેસી ગયો. આ સમયનો લાભ લઈને આચાર્યે બાળકનાં લક્ષણો જોઈ લીધાં અને તેની માતાને તેના જન્મ પહેલાં પોતે કહેલી વાત યાદ કરાવી.

* શ્રી હૈમ સારસ્વત સત્ર (પાટણ, સને ૧૯૩૯) માં રજૂ થયેલો નિબંધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિષ્યભિક્ષાની યાચના

આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિએ ચાંગદેવમાં જૈનશાસનના મહાપ્રભાવક પુરુષ તરીકેની યોગ્યતાનાં દરેક શુભ ચિહ્નો અને સ્વાભાવિક ચપળતા જોયા પછી સંઘના આગેવાન ગૃહસ્થોને બોલાવ્યા અને કેટલીક વાતચીત કરીને તેમને સાથે લઈ તેઓશ્રી ચાચિગ અને પાહિણીને ઘેર ગયા.

આચાર્યશ્રી અને શ્રીસંઘને પોતાને આંગણે પધારેલા જોઈ પાહિણીએ તેમનું યોગ્ય સ્વાગત કર્યું અને તેમના આગમનનું કારણ પૂછ્યું. આચાર્યશ્રીએ જણાવ્યું કે 'તારો પુત્ર જૈનશાસનનો ઉદ્ધાર કરનાર મહાપુરુષ થઈ શકે તેવાં શુભ લક્ષણોથી અલંકૃત છે, માટે તારા પુત્રને તું અમને શિષ્ય તરીકે અર્પણ કરી દે.' આ સાંભળી ઘરમાં પાહિણી પોતે એકલી હોવાથી વિમાસણમાં પડી ગઈ કે 'એક તરફથી બાળકનો પિતા ઘરમાં નથી અને બીજી બાજુ ગુરુદેવ અને શ્રીસંઘ મારે આંગણે પધારેલા છે, આ સ્થિતિમાં મારો ધર્મ શો હોઈ શકે ? તેમ જ પોતાના પ્રાણાધિક ગુણવાન પુત્રને આપી દેવો પણ શી રીતે ?' આખરે પાહિણીએ જાતે જ નિર્ણય કરી લીધો કે, 'ગુરુદેવ અને શ્રીસંઘ મારા સદ્‌ભાગ્યે મારે આંગણે પધારેલા છે, તેમના વચનનો અનાદર કરવો જોઈએ નહિ; તેમ જ મારો પુત્ર જૈનશાસન અને જગતનો તારણહાર થતો હોય તો મારે આનંદ જ મનાવવો જોઈએ.' આ પ્રમાણે વિચાર કરી પાહિણીએ પોતાના ગુણવાન પ્રિય પુત્રને ગુરુમહારાજના કર-કમલમાં અર્પણ કરી દીધો.

દીક્ષા

જન્માંતરના શુભસંસ્કારી બાળક ચાંગદેવે ગુરુમહારાજના નિર્મળ સ્નેહભર્યા ઉપદેશામૃતનું પાન કર્યું અને આંતરિક ઉત્સાહપૂર્વક ગુરુચરણમાં વિક્રમ સંવત ૧૧૫૦માં સંસારતારિણી પ્રવ્રજ્યા સ્વીકારી અને તેમનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું.

વિદ્યાભ્યાસ

વિશ્વના ઝગમગતા સિતારા સમાન મહાપુરુષોમાં કુદરતી જ એવી પ્રતિભા અને બુદ્ધિવૈભવ હોય છે કે તેઓ અગમ્ય રીતે જ દરેક પ્રકારની વિદ્યાને સહજમાં અને સ્વલ્પ સમયમાં મેળવી લે છે. તેમને કોઈ સરસ્વતીને પ્રસન્ન કરવા જવું પડતું નથી કે નથી તેમને કોઈના વધારે પડતા ગુરુત્વની પણ આવશ્યકતા હોતી. આપણા બાળમુનિ શ્રી સોમચંદ્રે પણ પોતાની સ્વાભાવિક પ્રજ્ઞાના બળે થોડાં જ વર્ષોમાં વિદ્યાના દરેક ક્ષેત્રમાં પારંગતપણું મેળવી લીધું હતું.

આચાર્યપદ

બાળમુનિ શ્રી સોમચંદ્ર બાળક હોવા છતાં અબાળસ્વભાવી ઉત્તમસંસ્કારસંપન્ન મહાપુરુષ હતા. એ જ કારણે તેમના બાળસ્વભાવસુલભ ચંચળતા આદિ ગુણોએ તેમને વિદ્યાભ્યાસ અને ત્યાગ-સંયમનો આદર્શ સાધવામાં ખૂબ જ સહાય કરી હતી. બાલ્યાવસ્થાથી જ તેઓશ્રી જિતેન્દ્રિય, સંયમી અને સ્થિરચિત્તવાળા હતા. એમના એ વિશિષ્ટ ગુણોનો પરિચય આપણને એમના બાળજીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાંથી સહેજે મળી રહે છે.

એમનો ઊંડો વિદ્યાભ્યાસ, અપૂર્વ ત્યાગવૃત્તિ, પ્રૌઢ તપઃપ્રભાવ અને સ્વાભાવિક ઓજસ્વિતા વગેરે પ્રભાવશાળી ગુણો જોઈ ગુરુદેવ આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિ અને શ્રીસંઘે મળી સંવત ૧૧૬૬માં સત્તર વર્ષની ઉમ્મરે પહોંચેલા બાળમુનિ શ્રી સોમચંદ્રને આચાર્યપદ ઉપર સ્થાપિત કર્યા અને એમનું નામ સોમચંદ્રને બદલે હેમચંદ્ર રાખવામાં આવ્યું. આ પછી તેઓશ્રી હેમચંદ્રાચાર્ય તરીકે ઓળખાવા લાગ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગૂર્જરેશ્વર શ્રી સિદ્ધરાજ સાથે સમાગમ

ભગવાન હેમચંદ્રાચાર્ય દેશવિદેશમાં વિહાર કરતા કરતા અને સ્થાન સ્થાનમાં પોતાના ત્યાગ અને પાંડિત્યના સૌરભને વેરતા વેરતા અનુક્રમે ગૂર્જરેશ્વરની રાજધાની પાટણ નગરમાં પધાર્યા. એમના પાટણના નિવાસ દરમિયાન લોકસમુદાયમાં અને વિદ્વદ્વર્ગમાં તેમના ત્યાગ, તપ, પાંડિત્ય વગેરે ગુણોની ખ્યાતિ ખૂબ વધી. છેવટે આ બધાય સમાચાર ગૂજરાતના પ્રજાપ્રિય માન્ય વિદ્વાન મહારાજા શ્રી સિદ્ધરાજ જયસિંહદેવની રાજસભામાં પણ પહોંચી ગયા અને વિદ્વાન ગૂર્જરેશ્વરે ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યને ઉત્કંઠાભર્યા હૃદયે આમંત્રણ મોકલ્યું. આચાર્યશ્રીએ પણ, ધર્મભાવનાની વૃદ્ધિ વગેરે ધ્યાનમાં લઈ, એ આમંત્રણને કબૂલ રાખ્યું અને ગૂર્જરેશ્વરને દર્શન આપવા માટે પોતે તેમના સ્થાનમાં ગયા.

ભગવાન શ્રી હેમચંદ્રનાં દર્શન અને વચનામૃતનું પાન કરી ગુર્જરેશ્વર એટલા પ્રસન્ન થયા કે તેમણે આચાર્યશ્રીને પ્રસંગે પ્રસંગે પોતાને ત્યાં પધારવા માટે ભાવભીનો આગ્રહ કર્યો. આચાર્યશ્રી પણ ગુર્જરેશ્વરની વિનંતીને માન્ય રાખીને અવારનવાર જતા-આવતા. આ પછી ઉત્તરોત્તર ભગવાન શ્રી હેમચંદ્રનું સ્થાન ગૂર્જરેશ્વરની રાજસભા અને તેના વિદ્વદ્વર્ગમાં ઘણું જ આગળ પડતું થઈ ગયું.

વિક્રમ સંવત ૧૧૮૧ માં ગૂર્જરેશ્વરની રાજસભામાં ખુદ ગૂર્જરપતિ અને કવિચક્રવર્તી શ્રીપાળના અધ્યક્ષપણા નીચે કર્ણાટકદેશીય દિગંબર તાર્કિકાચાર્ય વાદી શ્રી કુમુદચંદ્ર સાથે થયેલ ગુર્જરદેશીય શ્વેતાંબર તાર્કિકશિરોમણિ, 'સ્યાદ્વાદરત્નાકર' ગ્રંથના પ્રણેતા મહાવાદી શ્રી દેવસૂરિના વાદ પ્રસંગે રાજસભામાં ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યનું મહત્ત્વભર્યું સ્થાન હતું.

સિદ્ધહેમ વ્યાકરણની રચના

વિદ્વાન ગુર્જરેશ્વર મહારાજા શ્રી સિદ્ધરાજ જયસિંહદેવની રાજસભા એટલે સમગ્ર ગુજરાત અને દેશ-વિદેશના પંડિતચક્રવર્તીઓની સભા. એ રાજસભાના સઘળા વિદ્વાનો ભગવાન હેમચંદ્ર પ્રત્યે તેમના અબાધ્ય પાંડિત્યને કારણે બહુમાનની નજરે જોતા હતા. વિક્રમ સંવત ૧૧૯૨માં માલવપતિ શ્રી યશોવર્માને હરાવ્યા પછી ત્યાંની લૂંટમાં ત્યાંનો રાજકીય જ્ઞાનભંડાર (પુસ્તકાલય) ગૂર્જરેશ્વરના હાથમાં આવ્યો હતો. તેનું અવલોકન કરતાં તેમાં ભોજ વ્યાકરણની નકલ જોયા પછી ગૂર્જરેશ્વરના હૃદયમાં પોતાના દેશમાં સ્વતંત્ર વ્યાકરણના સર્જન માટેની તીવ્ર ઊર્મિ ઉત્પન્ન થઈ અને પોતાનો એ વિચાર તેમણે રાજસભાના માન્ય પ્રખર વિદ્વાનો સમક્ષ જાહેર કર્યો. આ પ્રસંગે રાજસભાના દરેક વિદ્વાને ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય તરફ આંગળી ચીંધીને એકીઅવાજે જણાવ્યું કે "મહારાજ! આપની આ અતિમહાન ઇચ્છાને પૂર્ણ કરવા માટે આ મહાપુરુષ સિવાય બીજું કોઈ સમર્થ નથી." છેવટે ગૂર્જરેશ્વરે આચાર્યશ્રીને જોઈતાં દરેક સાધન પોતાની રાજકીય લાગવગથી પૂરાં પાડ્યાં અને આચાર્યશ્રીએ પોતાના અને ગૂર્જરેશ્વરના નામને અમર કરતા સર્વાંગપૂર્ણ સિદ્ધહેમ વ્યાકરણની રચના કરીને માત્ર ગૂર્જરેશ્વરને જ નહિ પણ આખા વિશ્વને પોતાના અજોડ પાંડિત્યનો પરિચય આપ્યો. કહેવાની જરૂરત નથી કે આ પછી ગુર્જરેશ્વર ભગવાન હેમચંદ્રનો અનન્ય મિત્ર–સેવક બની ગયો હતો.

રાજનૈતિક નિપુણતા

ભગવાન હેમચંદ્રના, જેમ તેમના ગુણોથી આકર્ષાયેલા, સંખ્યાબંધ પૂજકો અને મિત્રો હતા તે જ રીતે તેમના વિરોધીઓની સંખ્યા પણ તેટલી જ હતી. આમ છતાં પોતાની પ્રખર પ્રતિભા અને રાજનૈતિક નિપુણતાના પ્રતાપે તેઓ એ બધાયનો અડગપણે સામનો કરી શક્યા હતા અને એમના આખા જીવનમાં એવો એક પણ પ્રસંગ આવ્યો નથી કે કોઈ પણ પ્રસંગે કોઈ પણ એમનો તેજોવધ કરી શક્યું હોય. ખરે જ, માનવજાતિ માટે બધુંય શક્ય હશે, પણ પરસ્પરવિરુદ્ધ વાતાવરણ અને કાવાદાવાથી ભર-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર રાજસભામાં અડગપણે ટકી રહેવું—અને તે પણ સંખ્યાતીત વર્ષોના પારસ્પરિક વિરોધના ભોગ બનેલ શ્રમણસંસ્કૃતિના ધારક સાંપ્રદાયિક પુરુષ માટે—ઘણું જ અઘરું છે. છતાં આપણે આજે એ પ્રત્યક્ષ અનુભવી શકીએ છીએ કે ભગવાન હેમચંદ્ર એ સ્થિતિમાં પણ અડગપણે ઊભા રહી શક્યા હતા. એટલે આ રીતે વિચાર કરતાં ખરે જ ભગવાન હેમચંદ્રે જગત સમક્ષ ધાર્મિકતાપ્રધાન રાજનૈતિક નિપુણતાનો અપૂર્વ આદર્શ ખડો કર્યો છે.

કુમારપાલદેવ સાથે સંબંધ

ભગવાન હેમચંદ્ર એ ચૌલુક્યવંશી ગૂર્જરેશ્વરોના ગાઢ સમાગમમાં આવ્યા હતા; એક મહારાજા શ્રી જયસિંહદેવ અને બીજા મહારાજા શ્રી કુમારપાલદેવ. એકની સાથે અમુક અંશે ધાર્મિકતાનો સંબંધ હોવા છતાં મુખ્યત્વે વિદ્વત્તાનો સંબંધ હતો, જે આપણે ઉપર જોઈ આવ્યા છીએ; જ્યારે બીજાની સાથેનો સંબંધ ધાર્મિકતામાંથી જન્મ્યો હતો અને ધાર્મિકતામાં જ પરિણમ્યો હતો.

આચાર્ય હેમચંદ્રનો મહારાજા શ્રી કુમારપાલદેવ સાથેનો સંબંધ, તેઓ જ્યારે મહારાજા સિદ્ધરાજ તરફના મૃત્યુભયથી ત્રાસીને નાસભાગ કરતા હતા તે પ્રસંગે થયો હતો. અને એ મુખ્યત્વે કરીને ભયપ્રસંગના તેમના રક્ષણની ધાર્મિક વૃત્તિમાંથી જન્મ્યો હતો અને આદિથી અંત સુધી એ સંબંધ એ રૂપમાં જ કાયમ બન્યો હતો.

ઉપદેશની અસર

ભગવાન હેમચંદ્રના ઉપદેશે મહારાજ શ્રી કુમારપાલદેવના હૃદયમાં એટલી તીવ્ર અને ઊંડી અસર નીપજાવી હતી કે આખરે એ એક ધાર્મિક અથવા જૈનધર્માવલંબી રાજા બની ગયો હતો. તે છતાં ભગવાન હેમચંદ્રે તેમની પાસે જૈનધર્મને લગતાં જ કાર્યો કરાવવામાં તત્પરતા રાખી હતી એમ જ નહોતું, પરંતુ સર્વસામાન્ય હિતનાં કાર્યો પણ તેમણે કરાવ્યાં હતાં.

સર્વસામાન્ય હિતનાં કાર્યોમાં મુખ્યપણે સાત વ્યસન—જેમાં જુગાર, માંસ, દારૂ, વેશ્યા, શિકાર, ચોરી અને વ્યભિચારનો સમાવેશ થાય છે અને જે પ્રજાજીવન અને માનવતાને હલકે દરજ્જે લઈ જનાર છે—તે ઉપદેશ અને રાજસત્તા દ્વારા અટકાવવામાં આવ્યાં હતાં. જ્યાં લાગવગ પહોંચી શકે તેવાં અન્ય રાજ્યોમાં પણ ચિત્રપટ આદિ સાધનો દ્વારા એ માટે પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

આ સિવાય અતિપ્રાચીન સમયથી ચાલ્યો આવતો બિનવારસદાર વિધવા સ્ત્રીઓની મિલકત પડાવી લેવાનો રિવાજ, જેની વાર્ષિક આવક બોંતેર લાખની આસપાસની હતી, તેને પણ જતો કરવામાં આવ્યો હતો.

આ બધાંય કરતાં ભગવાન હેમચંદ્રના ઉપદેશની મહાભારત અસર એ થઈ હતી કે માંસાહાર નિમિત્તે તેમ જ યજ્ઞયાગાદિમાં નિરર્થક રીતે થતા અનેક પશુઓના સંહારને દયાળુ ગૂર્જરેશ્વર દ્વારા અટકાવવામાં આવ્યો હતો.

ટૂંકમાં આપણે એમ કહી શકીએ કે, ગૂજરાત વગેરે દેશોમાં આજે પણ જે દુર્વ્યસનોનો અલ્પ પ્રચાર છે, નિર્વંશિયાનું ધન પડાવી લેવાનો રિવાજ જોવામાં નથી આવતો તેમ જ યજ્ઞ-યાગાદિ નિમિત્તે થતો પશુવધ લગભગ અટકી ગયો છે, એ ભગવાન હેમચંદ્રસૂરિના પવિત્ર ઉપદેશ અને ગૂર્જરેશ્વર મહારાજ શ્રી કુમારપાલની અજોડ ધાર્મિકતાનો જ પ્રતાપ છે.

ગ્રંથરચના

આજે ભગવાન હેમચંદ્રના જે ગ્રંથો મળે છે તેની નોંધ અહીં આપવામાં આવે છે :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાંગોપાંગ સપાદલક્ષ વ્યાકરણ

સિદ્ધહેમ લઘુવૃત્તિ	૬૦૦૦	શ્લોક
સિદ્ધહેમ બૃહદ્વૃત્તિ	૧૮૦૦૦	
સિદ્ધહેમ બૃહન્ન્યાસ	૮૪૦૦૦	(અપૂર્ણ મળે છે)
સિદ્ધહેમ પ્રાકૃતવૃત્તિ	૨૨૦૦	
લિંગાનુશાસન સટીક	૩૬૮૪	
ઉણાદિગણ વિવરણ	૩૨૫૦	
ધાતુપારાયણ વિવરણ	૫૬૦૦	

અન્ય ગ્રંથો

અભિધાનચિંતામણિ સ્વોપજ્ઞ ટીકા સહ	૧૦૦૦૦	
અભિધાનચિંતામણિ પરિશિષ્ટ	૨૦૪	
અનેકાર્થકોષ	૧૮૨૮	
નિઘંટુશેષ	૩૯૬	
દેશીનામમાલા સ્વોપજ્ઞ વૃત્તિ સાથે	૩૫૦૦	
કાવ્યાનુશાસન સ્વોપજ્ઞ અલંકારચૂડામણિ અને વિવેક સાથે	૬૮૦૦	
છંદોનુશાસન છંદશ્ચૂડામણિ ટીકા સહ	૩૦૦૦	
સંસ્કૃતદ્વ્યાશ્રય મહાકાવ્ય	૨૮૨૮	
પ્રાકૃત દ્વ્યાશ્રય મહાકાવ્ય	૧૫૦૦	
પ્રમાણમીમાંસા સ્વોપજ્ઞ વૃત્તિ સાથે	૨૫૦૦	(અપૂર્ણ)
વેદાંકુશ (દ્વિજવદનચપેટા)	૧૦૦૦	
ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત મહાકાવ્ય ૧૦ પર્વ	૩૨૦૦૦	
પરિશિષ્ટ પર્વ	૩૫૦૦	
યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ ટીકા સહ	૧૨૫૭૦	
વીતરાગસ્તોત્ર	૧૮૮	
અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા	૩૨ કાવ્ય	
અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા	૩૨ ,,	
મહાદેવસ્તોત્ર	૪૪ ,,	

ઉપર ભગવાન હેમચંદ્રસૂરિકૃત ગ્રંથોનાં નામોની જે યાદી આપવામાં આવી છે, તેમાંના વિવિધ વિષયો, તે તે ગ્રંથમાં કરવામાં આવેલો તે તે વિષયનો ઊહાપોહ, અને તે તે ગ્રંથમાં કરેલી તત્તદ્વિષયક અનેકાનેક શાસ્ત્રોની ઝીણવટભરી ચર્ચા—આ બધાં તરફ ધ્યાન આપતાં જાણી શકાય છે કે તેઓશ્રીએ સાહિત્યના પ્રત્યેક અંગને કેવો ન્યાય આપ્યો છે, એ પ્રત્યેક અંગની કેટલી ઝીણવટથી મીમાંસા કરી છે અને એ પ્રત્યેક અંગનો વિચાર કરવા માટે તે સમયના વિશાળ સાહિત્યનું તેમણે કેટલી ગંભીરતાથી અવગાહન કર્યું હશે. અને તે સાથે તેમની પ્રતિભા, તેમનું સૂક્ષ્મદર્શિપણું, તેમનું સર્વ-દિગ્ગામી પાંડિત્ય અને તેમના બહુશ્રુતપણાનો પરિચય પણ આપણને આથી મળી રહે છે.

હેમચંદ્રની કૃતિઓનું ગૌરવ

ભગવાન હેમચંદ્રે રચેલા ગ્રંથો એટલે ગંભીર અને સર્વાંગપૂર્ણ ગ્રંથરચના. સિદ્ધહેમ વ્યાકરણ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વયાશ્રયમહાકાવ્ય, અભિધાનકોશો કે કાવ્યાનુશાસન આદિ જેવા પ્રાસાદભૂત મહાગ્રંથો જ નહિ, પણ અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા જેવા ફક્ત ૩૨ કાવ્યના એક નાના સરખા સ્તુતિગ્રંથને લઈને વિચાર કરવામાં આવે તોપણ આપણે એમ જ કહેવું પડે. આચાર્ય હેમચંદ્રે આ નાનીશી કૃતિમાં સ્યાદ્વાદ, નય, પ્રમાણ અને સપ્તભંગી વિષે તેમ જ સ્વપરદર્શનના સિદ્ધાન્તો ઉપર અતિગંભીર અને સૂક્ષ્મ વિચારો રજૂ કરી જગતને પોતાના મહાન વિજ્ઞાનનો પરિચય કરાવ્યો છે.

હેમચંદ્રની કૃતિઓનું સ્થાન

આચાર્ય હેમચંદ્રની કૃતિઓનો સાહિત્યના સમરાંગણમાં કોઈ પણ સ્થળે પરાભવ કે અનાદર થયો નથી, એટલું જ નહિ, કિન્તુ તેમની કૃતિઓને ભારતવર્ષના પ્રાચીન સમર્થ જૈનેતર વિદ્વાનોએ સુધ્ધાં માન્ય રાખી છે. છન્દઃશાસ્ત્રના ટીકાકાર હલાયુધ જેવા વિદ્વાનોએ તો પોતાની કૃતિઓમાં આચાર્ય હેમચંદ્રની કૃતિઓમાંથી ગ્રંથસંદર્ભના સંદર્ભો જ અપનાવી લીધા છે.

જૈન સંપ્રદાયમાં હેમચંદ્રનું સ્થાન

ભગવાન હેમચંદ્રનું જૈન સંપ્રદાયમાં જે અતિ ઉચ્ચ સ્થાન હતું, તેનું વર્ણન કરવું તે એક રીતે વધારે પડતું જ ગણાય. તે છતાં ટૂંકમાં એટલું કહેવું જોઈએ કે તેમના સમયના કોઈ ગચ્છ કે પરંપરા એવાં ન હતાં કે જે એમના ગુણોથી મુગ્ધ ન હોય અને જેણે એમના ગુણોનું વર્ણન ન કર્યું હોય. ટીકાકાર તરીકેનું અજોડ કૌશલ ધરાવનાર સમર્થ આચાર્ય શ્રી મલયગિરિએ તો આવશ્યકસૂત્રની વૃત્તિમાં **तथा चाहुः स्तुतिषु गुरवः** એ પ્રમાણે લખી ભગવાન શ્રી હેમચંદ્રકૃત અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાંના શ્લોકનો ઉલ્લેખ કર્યો છે અને એ રીતે ભગવાન હેમચંદ્રને પોતાના ગુરુત્વસ્થાનમાં માની લીધા છે.

કાર્યદક્ષતા

ભગવાન શ્રી હેમચંદ્રને તેમના જીવનમાં રાજ્ય અને રાજાના અનુયાયીઓ, મિત્રો અને વિરોધીઓ, જૈન અને જૈનેતર, ધર્મોપદેશ અને નવસાહિત્યસર્જન, નિર્ગ્રંથજીવન અને જગતનો સંબંધ—એ દરેકને એકસરખો ન્યાય આપવાનો હતો. આ દરેક કાર્ય પૈકી એક પણ કાર્યને તેઓશ્રીએ તેમના જીવનમાં ઓછો ન્યાય આપ્યો નથી. ઉપરની બાબતોનો વિચાર કરતાં ખરે જ આપણે આશ્ચર્યમુગ્ધ બની જઈએ છીએ કે એ મહાપુરુષ કયે સમયે કઈ વસ્તુને કેવી રીતે ન્યાય આપતા હશે, એમનું જીવન કેટલું નિયમિત હશે અને જીવનની પળેપળને તેઓ કેટલી મહત્ત્વની લેખતા હશે. ખરે જ, વિશ્વની મહાવિભૂતિઓમાં ભગવાન શ્રી હેમચંદ્રનું સ્થાન કોઈ અનેરું જ છે અને એ એમની કાર્યદક્ષતાને જ આભારી છે.

ઉપસંહાર

અંતમાં એટલું કહેવું વધારે પડતું નથી કે, દેશવિદેશનો લાખો જ નહિ બલકે કરોડો કે અબજો વર્ષનો ઇતિહાસ એકઠો કરવામાં આવે તોપણ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય જેવા નિર્લેપ, આદર્શજીવી, વિદ્વાન, સાહિત્યસર્જક, રાજનીતિનિપુણ, વ્યવહારજ્ઞ, વર્ચસ્વી અને પ્રતિભાધારી પુરુષની જોડ જડવી અતિ મુશ્કેલ છે. અને એ જ કારણસર ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય માટે 'કલિકાલસર્વજ્ઞ' તરીકેનું જે બિરુદ યોજવામાં આવ્યું છે એમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

[શ્રીહૈમસારસ્વતસત્ર નિબંધસંગ્રહ]

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org